શૈક્ષણિક સત્રના પ્રારંભે વિદ્યાર્થીઓની ચહલપહલથી ગાંધીનગર ગૂંજી ઊઠ્યું

છેલ્લા બે માસથી શાંત લાગતાં શાળા પરિસરો વિદ્યાર્થીઓની ચહલપહલથી જીવંત બન્યાં

ગાંધીનગર, તા. ૧૧

ઉનાળાના બે મહિના જેટલા લાંબા વેકેશન બાદ આજથી મોટાભાગની શાળાઓ શરૂ થતાં શાળા પરિસરોમાં વિદ્યાર્થીઓ-વાલીઓની ભારે ભીડ જામી હતી. સ્કૂલવર્ધીના વાહનોની લાંબી કતારો શાળાઓની બહાર લાગી ગઈ હતી.

વિદ્યાર્થીઓ અને વાલીઓ માટેનો આરામનો સમયગાળો આજથી પૂર્ણ થઈ ગયો છે. બે મહિના જેટલા લાંબા વેકેશન બાદ આજથી શાળાના પ્રથમ સત્રનો પ્રારંભ થયો હતો. ઘણા દિવસો સુધી શાંત જણાતા શાળાના પરિસરો વિદ્યાર્થીઓ અને વાલીઓની ચહલપહલથી જીવંત લાગતા હતા.

આજે પ્રથમ દિવસે જ મોટાભાગના વિદ્યાર્થીઓએ શાળાએ જવાનુ પસંદ કર્યુંહતું. નવા ગણવેશ, સ્કૂલબેગ અને નવા પુસ્તકો સાથે શાળાએ પહોંચેલા બાળકો ઉત્સાહિત જણાયા હતા. મિત્રોને પુનઃ મળવાનો આનંદ તેમના ચહેરાઓ પર જોઈ શકાતો હતો. આજે પહેલો દિવસ હોવાથી ઘણા વાલીઓ પોતાના બાળક સાથે સ્કૂલે પહોંચ્યા હતા. પુસ્તકો અને અભ્યાસક્રમ અંગેની ચર્ચા તેમણે શિક્ષકો સાથે કરી હતી. ચાલુ વર્ષથી સેમેસ્ટર પદ્ધતિનો અમલ પ્રાથમિક વિભાગથી જ થઈ રહ્યોહોવાથી વાલીઓ અને વિદ્યાર્થીઓ મુંઝવણમાં મુકાયા હતા. સેમેસ્ટર પદ્ધતિના અમલ અંગે તેમણે શિક્ષકો સાથે ચર્ચા કરી હતી. સ્કૂલ વર્ધીના વાહનોની કતારો પણ શાળા પરિસરોની પાસે લાગી ગઈ હતી. ધો. ૧૧ની પ્રવેશ પ્રક્રિયાઓ હજુ ઘણી શાળાઓમાં ચાલતી હોવાથી વિદ્યાર્થીઓની ભીડ સવારથી જ શાળાઓમાં જામે છે.

સૌ પ્રથમવાર શાળાનું પગથિયું ચઢતા નાના બાળકોની હાલત સૌથી કફોડી હતી. સાવ નવા વાતાવરણમાં પ્રવેશેલા ભૂલકાઓએ શાળામાં પ્રવેશતા જ રડારોળ કરી મુકી હતી. પ્રિ-પ્રાયમરી સેક્શન માત્ર એકાદ કલાક જ ચલાવાયું હતું. નર્સરીના બાળકોના વાલીઓ શાળાઓ છુટી ત્યાં સુધી બહાર બેસી રહ્યા હતા. શૈક્ષણિક સામગ્રીની ખરીદી આજે પણ ચાલુ રહી હતી. બજારોમાં વાલીઓ અને વિદ્યાર્થીઓની ભારે ભીડ જોવા મળી હતી.

ભૂલકાંઓના વાલીઓ ઉચાટમાં શાળાની બહાર બેસી રહ્યા...

શૈક્ષણિક કારકિર્દીમાં પ્રથમ ડગ માંડી રહેલા નાનકડા ભૂલકાંઓ માટે આજનો દિવસ ભારે રોમાંચભર્યો રહ્યો હતો. પ્રથમ દિવસે બાળકને સાથે લઈને આવેલા વાલીઓ ઉચાટમને શાળાના પ્રાંગણમાં બેસી રહ્યા હતા. સ્વાગત રેઈન ફોરેસ્ટ ખાતે રહેતા ઉર્વશીબેન પ્રજાપતિ અને સેક્ટર-૭-ડીના ડીમ્પલબેન મહેતાના સંતાનોએ સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં પ્રવેશ મેળવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે આજે અમારા બાળકો શૈક્ષણિક કારકિર્દીનો પ્રારંભ કરી રહ્યા છે તેનો ખુબ આનંદ છે. અમને પુરેપુરો વિશ્વાસ છે કે તેઓ અહીં સારા સંસ્કાર સાથે સારૂ શિક્ષણ પ્રાપ્ત કરશે. છાલા ગામના જશુભાઈ ચૌધરીના પુત્ર માનવે ચૌધરી સ્કૂલમાં પ્રવેશ મેળવ્યોછે. શાળાના વાતાવરણમાં તે સેટ થશે કે નહીં તેની ચિંતા તેમને સતત થતી હતી. જ્યારે વહાણવટી સ્કૂલમાં પ્રવેશ મેળવનાર રીમા નંદા સણીયાના મમ્મી બિસમિલ્લાબેન શાળાનો સમય પુરો થાય ત્યાં સુધી શાળાના પ્રાંગણમાં બેસી રહ્યા હતા. તેમણે શાળાના વાતાવરણ અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો.

ગાંધીનગર દૂધ મંડળીમાં ચાર બેઠકો માટે આઠ ઉમેદવારો જંગમાં

સેક્ટર-૨૮/૨૯ની બેઠક પર મંડળીના ચેરમેન દિલિપસિંહ ચૌહાણ અને સેક્ટર-૧૬/૨૩ની બેઠક પર વર્તમાન ડિરેક્ટર પંકજ શુકલ બિનહરિફ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળની ૧૭મી જૂને યોજાનાર છ બેઠકોની ચૂંટણીમાં બે બેઠકો પર ઉમેદવારો બિન હરીફ જાહેર થતાં હવે ચાર બેઠકોપર આઠ ઉમેદવારો વચ્ચેસીધો જંગ ખેલાશે.

ગાંધીનગર શહેરની મોટી ગ્રાહક સહકારી મંડળીની વ્યવસ્થાપક સમિતિમાં છ બેઠકો ખાલી પડતા ૧૭મી જૂને ચૂંટણીની જાહેરાત કરાઈ હતી. ઉમેદવારીપત્રો પાછા ખેંચવાના અંતિમ દિને આજે મોટી સંખ્યામાં ઉમેદવારીપત્રો પાછા ખેંચાતા સેક્ટર-૨૮/૨૯ની બેઠક પર મંડળીના વર્તમાન ચેરમેન દિલિપસિંહ રામસિંહ ચૌહાણ બિનહરીફ વિજેતા જાહેર કરાયા હતા. આ જ રીતે સેક્ટર-૧૬/૨૩ની બેઠક પર પ્રતિસ્પર્ધીએ ઉમેદવારી

પત્રક પાછુ ખેંચતા મંડળીના વર્તમાન ડિરેક્ટર શ્રી પંકજકુમાર બળવંતરાય શુકલ સતત ત્રીજી વખત બીનહરિફ જાહેર થયા છે. હવે ચાર બેઠકો પર ૧૭મી જૂને મતદાન યોજાશે.

આગામી રવિવારે યોજાનાર ચાર બેઠકોની ચૂંટણીમાં આઠ ઉમેદવારો જંગમાં રહે છે. જેમાં સેક્ટર-૩/૬ની બેઠક ઈશ્વરભાઈ સોમાભાઈ પટેલ અને કુમાર પ્રદિપકુમાર ભટ્ટ, સેક્ટર-૧૨/૧૩ની બેઠક પર શ્રીમતી રેણુકાબેન લેનેશકુમાર પટેલ અને લીલાબેન દિનુભાઈ રાઠોડ, સેક્ટર-૨૪ની બેઠક પર ચંદુભાઈ ગોવિંદભાઈ પટેલ અને રાજેશ સીતારામ પંચોલી તથા સેક્ટર-૨૦/૩૦ની બેઠક પર ગજેન્દ્રસિંહ કરણસિંહ રાઠોડ અને નિલેશકુમાર રમણલાલ પટેલ વચ્ચે જંગ ખેલાશે. ચૂંટણી અધિકારીશ્રી વિ. આર. શર્માએ મતદારોને મતદાનની પ્રક્રિયામાં સહયોગ આપવા અપીલ કરી છે.

(તસવીર : દિપક જાની)

ગાંધીનગરમાં મિલકત વેરાની આકારણી માટે સોમવારે છેલ્લો દિવસ હતો. આ કારણે જેમને આકારણી કરાવવી બાકી રહી ગઈ હતી તેવા મિલકતદારોએ મહાનગર સેવા સદન ખાતે ભારે ભીડ જમાવી હતી.

ખૂણે ખાંચરેથી

● ગાંધીનગર મનપાના કાઉન્સીલર શ્રી આશિષ દવેએ આજે તેમનો જન્મ દિવસ અત્યંત સાદગીપૂર્ણ રીતે મિત્રોની સાથે મનાવ્યો હતો. ● જિલ્લા પંચાયતની અપીલ સમિતિની બેઠક ૧૪મીએ બપોરે મળનાર છે. ● જાગૃત નાગરિક પરિષદનું એક પ્રતિનિધિમંડળ મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાને મળ્યું હતું. ● ગાંધીનગરના તમામ કાઉન્સીલરો આજે એક દિવસની તાલીમ કામા હોટલમાં મેળવનાર છે. ● ગાંધીનગર સિવિલ હોસ્પિટલના આર.એમ.ઓ. ડૉ. નાયક બિમાર પડ્યા છે. ● ડૉ. દિનકર ગોસ્વામી મા અંબાના દર્શન કરવા અંબાજી ગયા હતા.

ટેન્ડર નોટીસ

[illegible]

પુંજાભાઈ પટેલ (મહામંત્રી) — ભગુભાઈ પટેલ (પ્રમુખ)

જાહેર નિવિદા - વર્ષ - ૨૦૧૨-૧૩
ટેન્ડર નોટીસ
ગાંધીનગર મહાનગરપાલિકા

બહુમાળી ભવન, બી-બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં નીચે દર્શાવ્યા મુજબના કામ માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ટેન્ડરમાં ભાવો મંગાવવામાં આવે છે.

ટેન્ડર નંબર	કામનું નામ	ટેન્ડરની રકમ	ટેન્ડર ફીની રકમ	બાનાની રકમ
૧૬	ગાંધીનગર મહાનગરપાલિકા માટે ડીઝાઈનીંગ, ફેબ્રીકેટીંગ, ઈરેક્ટીંગ એન્ડ સપ્લાઈંગની ૧૦ સીટર અને ૪ સીટર મોબાઈલ ટોઈલેટ ટ્રેઈલર એઝ પર સ્પેશીફીકેશન યુઝીંગ એપ્રોલ બ્રાન્ડ મટીરીયલ્સ એન્ડ એઝ પર ડ્રોઈંગ ઈન્કલુડીંગ ઓલ લેબર મટીરીયલ્સ ટુલ્સ એન્ડ પ્લાન્ટ પેઈન્ટીંગ, ઈટીસી કમ્પલેટ ઈન્કલુસીવઓફ ઓળ ટેક્સીસ એન્ડ ટ્રાન્સપોર્ટેશવ સાથે પુરા પાડવાનું કામ.	રૂ. ૯,૦૦,૦૦૦/-	૧૫૦૦/-	૯૦,૦૦૦/-
૧૭	ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં લોડર-જે.સી.બી મશીન બળતણ સાથે ભાડે પુરા પાડવાના પ્રતિ કલાકના ભાવ.	રૂ. ૮,૦૦,૦૦૦/-	રૂ. ૧૦૦૦/-	રૂ. ૮૦,૦૦૦/-

ટેન્ડર ફોર્મ તા. ૧૨-૬-૨૦૧૨ થી તા. ૨૬-૬-૨૦૧૨ સુધી કચેરીના કામકાજના દિવસો દરમિયાન સમય ૧૧-૦૦ થી ૧૪-૦૦ કલાક સુધી ટેન્ડર ફી હિસાબી શાખામાં જમા કરાવી મેળવી શકાશે. ટેન્ડર સાથે બાનાની રકમ (ઈએમડી)ના ડીમાન્ડ ડ્રાફ્ટ નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકાના નામનો બીડવાનો રહેશે. ટેન્ડર ફોર્મ તા. ૨-૭-૨૦૧૨, સમય : ૧૬-૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મોકલી આપવાના રહેશે.

ટેન્ડર તા. ૩-૭-૨૦૧૨ના રોજ ૧૭-૦૦ કલાકે ખોલવામાં આવશે.

સ્થળ : ગાંધીનગર — મ્યુનિસિપલ કમિશનર
તા. ૧૧-૬-૨૦૧૨ — ગાંધીનગર મહાનગરપાલિકા
માહિતી/૫૪૮/૧૨-૧૩

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com